Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# સરહદી બનાસકાંઠા જીલ્લાના સ્વાતંત્ર્ય સેનાની - સ્વ. શ્રી ગુણવંતરાય ક.મહેતા અને શ્રી નારાયણ સ્વામી : એક ઐતિહાસિક અધ્યયન

ડૉ. કનૈયાલાલ ર. નાયક
અધ્યક્ષ અને પ્રોફેસર, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૪

**પ્રસ્તાવના:-**

આપણા દેશને સ્વાધિનતા આપવામાં અનેક મહાપુરુષોનું પ્રદાન રહેલું છે અને આ મળેલી સ્વાધિનતા કઈ રીતે ખરા અર્થમાં સાકાર કરવી તે માટેના કાર્યો પણ આવા લોકો દ્વારા કરવામાં આવે છે તથા આવા કાર્ય પર પાડતી વખતે તેઓએ પોતાના કુટુંબ કે સમાજની પણ દરકાર કરેલી નથી. આપણા દેશને આઝાદ કરાવવામાં આવા અનેક નામી અનામી લોકોએ આમૂલ ફાળો આપી આઝાદીને પોસવા માટે તન અને ધનથી સેવા કરેલ છે. ઇતિહાસની ધરોહર પર નજર કરીએ ત્યારે આપણને એ બાબતનો ચોક્કસ ખ્યાલ આવે છે. કોઈપણ પ્રકારના પરિણામ પાછળ ઘણા લાંબા સમયના પરિબળો ભાગ ભજવતા હોય છે પછી ભલે પરિબળ સામાજિક, આર્થિક, ધાર્મિક કે રાજનૈતિક રહ્યું.

**૧. સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી ગુણવંતરાય ક.મહેતા**

બસ આવી જ રીતે આપણા દેશને આઝાદી અપાવવામાં જે પરિબળરૂપી લોકોનો ફાળો છે. તે પૈકીના લોકસેવક, ક્રાંતિકારી કે પછી સ્વાતંત્ર્ય સેનાની કહો, તો દરેક શબ્દ જેમના માટે સાર્થક નીવડે તેવા માં ભારતના સપૂત શ્રી ગુણવંતરાય મહેતા વિશે વિવિધ સાહિત્ય દ્વારા રજુ કરવાનો આ મારો એક નમ્ર પ્રયાસ છે, કે તેઓ ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તાર એવા વાવ તાલુકાના વતની હતા. તેમનો જન્મ ૨૯મી એપ્રિલ ઈ.સ.૧૯૩૨ના રોજ પોતાના વતન વાવમાં જ થયો હતો. તેમના પર તેમની માતા અને પિતા બંનેનો સારો એવો પ્રભાવ પડેલ બાળપણથી જ માતૃશ્રીએ સારા સંસ્કારોનું સિંચન કરેલું અને પિતાજીએ સાહસિકતાના પાઠ શીખવ્યા હતા. જેની ફળસ્વરૂપે તેમનામાં દેશપ્રેમની ભાવનાનો વિકાસ થયો અને યુવાન થતા તેના રંગે રંગાયા અને પોતાના માતા પિતાનું નામ ઉજાળ્યું હતું. તેમના ધર્મપત્નીનું નામ દયાબેન અને દીકરાનું નામ રાજુભાઈ.[૧]

ગુણવંતરાય મહેતાએ ફક્ત સાત ધોરણ સુધીનો જ અભ્યાસ કરેલ હતો. તેઓ ઘણા જ તેજસ્વી હતા અને જીવન ગણતરમાં તેઓ ઘણા આગળ પડતાં હતા. રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ કરતાં-કરતાં તેમણે પાટણમાં આવેલી નર્મદાબાઈ સંસ્કૃત પાઠશાળામાં વેદનો અભ્યાસ કર્યો હતો કારણ કે, આ પાઠશાળામાં રહેવાની અને જમવાની સુવિધા હોવાથી પેટનો ખાડો પુરવાની ચિંતા ટળી અને રાષ્ટ્રની પ્રવૃત્તિ ચાલુ રાખી. પુસ્તકોના વાંચનનો તેમને શોખ હતો, જે જીવન ભર ટકી રહ્યા.

તેમની ગાંધીયુગના આંદોલન સમયે ખુબ નાની ઉંમર હતી. પરંતુ તેમનું કાર્ય મોટું હતું, જો કે ગાંધીજીના શરૂઆતના આંદોલન જેવાં કે અસહકારની ચળવળ, સવિનયકાનૂનભંગ તથા અન્ય ખેડ્રત આંદોલન જેવા આંદોલનમાં જોડાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. પણ તેમના પિતા પાસેથી અંગ્રેજો ભારતનું શોષણ કરે છે, ગાંધીજી દેશને તેમાંથી મુક્તિ અપાવવા માટે પ્રયત્નો કરે છે તેવું સાંભળતા જ તેઓની ઇચ્છા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં

જોડાવાની થઈ. અંગ્રેજો સામે ગાંધીજીએ શરૂ કરેલી ઈ.સ. ૧૯૪૨ના “હિંદ છોડો” આંદોલન સમયે તેમની ઉંમર ફક્ત ૧૦ વર્ષની હતી. પરંતુ તેઓ આઝાદીની લડત સમયે હસ્તલિખિત પત્રિકાઓને કાળીદાસ ભોજક, પુનમચંદ મફતલાલ પરીખની સુચના અનુસાર લખીને ગામડે ગામડે જઈને પત્રિકાઓનું વિતરણ કરવાનું કામ શરૂ કર્યું. પત્રિકાઓ વહેચવા અને સ્વાધિનતાના કાર્યો કરતા કરતા અનેક વખત સિપાઈઓના હાથે પકડાઈ જતા તો જેલવાસો ભોગવવાનો વારો આવતો. છતાં પણ સહર્ષ સ્વીકારી લેતા તેમને શિહોરી જેલમાં બે દિવસ, સાદરા જેલમાં ૧૫ દિવસ, વડોદરા ગાયકવાડી જેલમાં એક અઠવાડિયાની જેલની સજા ભોગવી હતી. અને જેલમાંથી છૂટ્યા બાદ જે તે પ્રવૃત્તિઓ ચાલુ રહેતી હતી. એ સમયે વાવમાં રાણાજી વાઘેલા જાગીદાર હતા તેઓ અંગ્રેજોના આશ્રિત હતા એટલે બ્રિટીશ સરકાર આવકનો છઠ્ઠો ભાગ મહેસૂલ તરીકે ઉગ્ર રીતે ઉઘરવવાનો આગ્રહ રાખતા. તેથી ખેડૂતોની સ્થિતિ દયાજનક હતી. આથી લોકો અંગ્રેજો અને જાગીદારથી ત્રાસી ગયા હતા. લોકોનો ઉત્સાહ વધારવા માટે કહેતા કે, જો આઝાદી આવશે તો તમારે જાગીદારોને આવકનો છઠ્ઠો ભાગ આપવો નહીં પડે, વેઠ નહીં કરવી પડે તથા વિવિધ અન્યાયી કરવેરા નહીં ભરવા પડે.

ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં જોડાઈને લોકોને શિક્ષણ આપવા રાત્રી વર્ગો શરૂ કર્યા. સાથે સાથે રાષ્ટ્રીય જાગૃતિના કાર્યક્રમો પણ પુરા પાડવામાં આવતા અને વિવિધ નાટકો, ગીતો, કવિતાઓ સંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા લોકોમાં મનોરંજન પુરું પાડવામાં આવતું અને વહેમ, અંધશ્રદ્ધા જેવાં વિષયો પર પણ પ્રકાશ પડવાનું કામ કરતાં હતા, દારૂબંધી જેવાં કાર્યક્રમોમાં જોડાઈને દારૂના પીઠાઓ પર પિકેટિંગ કરવાનું કામ કરતાં અને દારૂ બનાવવા માટેની જે સામગ્રી મળતી તેનો નાસ કરતા હતા. તેઓ સભાઓમાં જતાં, વિવિધ સરઘસોમાં ભાગીદાર થતાં અને તેવા આયોજન પણ કરતાં, વિદેશી કાપડની હોળી કરતાં. સ્વદેશી કાપડ બનાવવા રેંટિયાનો પ્રચાર કરતાં ને સાળવીને પણ મળતા વધુ સુતર કાંતીને અમદાવાદ, પાલનપુર, વિજાપુર ખાદી ઉદ્યોગ કેન્દ્રોમાં બનાસકાંઠા જિલ્લાનું કાચું સુતર લઈ જાતે જતાં હતા.

લોક સેવાના કાર્યોમાં પણ તેમનું આગવું પ્રદાન રહેલું, બનાસકાંઠા જિલ્લામાં પૂરપ્રકોપ સમયે અકબરભાઈ ચાવડા સાથે મળીને પુર પીડિત લોકોમાં રાહતના કાર્યો કરીને બચાવ પ્રવૃત્તિ પણ કરેલી. મહામારી કે રોગચાળા સમયે લોકોના ઘર સુધી જઈને દવા પહોંચાડવાનું કામ કરતા હતા, શીતળા અને રક્તપિતના દર્દીઓની સેવા કરતા કે જેમને સમાજ દ્વારા તિરસ્કૃત કરેલ હતા. હંમેશા પારકાનું હિત ઇચ્છનારા આ સેવકને કોઈ પણ પ્રકારની કારકિર્દીની ચિંતા ન હતી. ૧૯૫૩/૫૪માં લોકલબૉર્ડમાં સાઈટ કારકુન તરીકે જોડાઈને લોકોની સેવા કરી અને વેદનો અભ્યાસ કરેલ હોવાથી તેમણે વેદાંતશાસ્ત્રી તરીકેની પણ ફરજ પણ બજાવેલી છે.

વાવ સ્ટેટમાં રોળીયું પડ્યું અને લોકો તેનાથી મરતા હતા એવા સમાચાર ગાંધીજીએ છાપાઓમાં વાંચ્યા અને વાવના રાણોજીને પત્ર લખ્યો કે તમારા સ્ટેટમાં વસતી મરી રહી છે તે માટે ઘટતું કરો વળતા જવાબમાં વાવના રાણોજીએ કહ્યું કે, હું મારા ગજા પ્રમાણે કામ કરી રહ્યો છું. મારું સ્ટેટ નાનું છે માટે વધારે કામ માટે આપના સહકારની જરૂર છે. એવા સમયે ભરૂચ જિલ્લાના મામલતદાર નર્મદાશંકર અને તેમના ધર્મપત્ની શ્રીમતી કમલાબેનને બનાસકાંઠામાં મોકલ્યા અને તેમની સાથે ગુણવંતરાય મહેતા સાહેબ પણ જોડાયા અને

બનાસકાંઠાના સંસદસભ્ય શ્રી અકબરભાઈ ચાવડા પણ જોડાયા હતા. ગામે ગામ ફરીને લોકોને ગોળીઓ આપતા, નામ નોંધતા અને લોકોમાં આરોગ્યની સાથે–સાથે દેશની આઝાદીની પ્રવૃત્તિ અને કેળવણીની જાગૃતિ આપતા હતા.

ભારતની સ્વાતંત્રતા બાદ દેશી રાજ્યોના વિભીનીકરણ વખત રાધનપુર નવાબે પાકિસ્તાનમાં ભળવાની તૈયારી કરી અને તેમાં કેટલાક જાગીરદારો પણ જોડાયા હતા એવા સમયે બનાસકાંઠાના સ્વાતંત્ર્ય સેનાની અને સંસદશ્રી અકબરભાઈને સાથે લઈને સ્વાતંત્ર્ય સેનાની શ્રી ગુણવંતરાય અને કાળીદાસ ગામે-ગામ ફરીને જાગીરદારોને ખાતરી કરી અને ભારત તરફી રહેવાની અપીલ કરી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સમયે રાહત સામગ્રી પહોંચાડવાથી લઈને સૈનિકો માટે દાક્તરી સુવિધા અને તેમની જરૂરિયાતની વસ્તુઓને પહોંચાડવાનું કામ તથા લોકોમાં યુદ્ધનો ખોટો ડર ન પેસે અને લોકજાગૃતિ આવે તે માટેના પ્રયત્ન કરતા હતા. ક્યારેક તો સૈનિકો માટે દારૂગોળો બનાવવા માટેનું કામ પણ આવી પડતું હતું.

આમ, પોતાના હિત માટે તો દરેક જણ કાંઈ પણ કરવા તૈયાર હોય છે. પરંતુ જ્યારે રાષ્ટ્રના પરમાર્થના કાર્યની વાત થાય ત્યારે દરકે માટે તે એક મહા પ્રશ્ન બની જતો હોય છે કેમ કે તે સમયે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે અને પરિવાર તથા સમજ સાથે સંયોજન સાધવામાં વ્યક્તિએ અનેક ભોગ આપવા પડતા હોય છે અને આવો ભોગ એવી વ્યક્તિ જ આપી શકે કે જેને પોતાની નહિ પરંતુ પોતાના રાષ્ટ્રની ચિંતા હોય આવી વ્યક્તિઓના નામમાં આપણે ચોક્કસ પણે કહી શકીએ કે, આવા મહાન વ્યક્તિનું અવસાન ૧૭/૦૬/૨૦૧૬ના રોજ પોતાના વતન વાવમાં થયું હતું.[२]

વિવિધ ક્ષેત્રો રાષ્ટ્રની સેવા કરી હોય તેમને અને તેમના આશ્રિતોને સ્વવિવેકાનિધિમાંથી સન્માનના ભાગરૂપે અમુક રકમ સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતા રહે. વાવ તા. વાવ, જિ. બનાસકાંઠા ને તા. ૦૭/૦૭/૧૯૯૦ થી તા. ૩૧/૦૭/૧૯૯૪ સુધી રૂપિયા ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) તથા તા. ૦૧/૦૮/૧૯૯૪ થી તા. ૩૧/૦૮/૧૯૯૪ થી તા. ૩૧/૦૭/૧૯૯૬ સુધી રૂપિયા ૬૫૦/- (અંકે રૂપિયા છસો પચાસ પુરા), તા. ૦૧/૦૮/૧૯૯૬ થી તા. ૧૪/૦૮/૧૯૯૭ સુધી રૂપિયા ૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા), તા. ૧૫/૦૮/૧૯૯૭ થી આજીવન રૂપિયા ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા), ભારત સરકારની પેન્શન યોજના અન્વયે તેઓએ જો પેન્શન માટે અરજી કરી હોય અને તે મુજબ ભારત સરકાર તેઓને કોઈ પણ સમયે પેન્શન મંજુર કરે તો તે પેન્શન મંજુર થયાની તારીખથી અત્રેથી મળતું પેન્શન બંધ થવાને પાત્ર રહે છે.[૩]

**૨. શ્રી નારાયણ સ્વામી ગુરુહંષ સ્વામી નિર્વાણ રાધનપુર**

પરમહંસ નારાયણ સ્વામી ગુરુહંસ સ્વામીનો જન્મ ઈ.સ. ૧૯૧૦માં સિંધના મીઠી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રામચંદ્ર અને માતાનું નામ ગોમતીબાઈ હતું. તેઓએ બનાસકાંઠાના ધાનેરા આશ્રમ સ્થાપ્યો, ભાભરમાં ગૌશાળાનો પાયો નાખ્યો. સૂઈગામ, સાંતલપુર, દિયોદર વગેરેમાં પગપાળા પ્રવાસ કરીને લોકજાગૃતિ તથા ખ્રિસ્તી ધર્મમાંથી હિન્દુ ધર્મમાં લાવવા શુદ્ધીકરણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્ર ભાવના જગાવીને સ્વતંત્રતા બાદ એટલે કે રાધનપુર તાલુકા (હાલના પાટણ જિલ્લામાં) ગુરુ હંસ મંદિર, વડપાસર તળાવ પાસે તેઓ રહેતા હતા,[૪] પિતાને દેશ માટે અપાર પ્રેમ હતો તેમના

પિતાશ્રીના મનમાં દેશ ભાવનાની પ્રબળ લાગણી હતી તેઓ કાપડની દુકાનમાં કામ કરતા હતા પિતાજી કૉંગ્રેસની ચળવળમાં જોડાયા, વિદેશી માલનો બહિષ્કાર કરવાના કાર્યક્રમમાં તેઓ વિલાયતી કપડાની દુકાન પર પિકેટિંગ કરતા પકડાયા અને તેમને ચાર માસની સજા થઈ.[૫]

આમ આ વીર પુરુષને દેશભક્તિનું રંગ તો વારસામાં જ મળ્યો હતો અને આથી પિતાને પગલે તેઓ પણ દેશ સેવાના કાર્યમાં જોડાયા ઈ.સ. ૧૯૩૦માં પ્રતિબંધિત દક્ષિણ હૈદરાબાદ ભજનાવલી રાખવા બદલ સિદ્ધ સરકારે ખિલાફત ચળવળના આરોપી જાહેર કર્યા હતા. ન્યાયાલયમાં મૂળભૂત ધાર્મિક સંબંધમાં ઘોષણા કરવા બદલ બે વર્ષની કેદની સજા કરવામાં આવી હતી.[૬]

સ્વાતંત્ર્ય તેનાની સ્વ. શ્રી નારાયણ સ્વામી પછીથી સજામાંથી મુક્ત થયા બાદ તેઓ તંડા ગામમાં હંસ નિર્વાણ સાહેબના સંપર્કમાં આવતા તેમના ધાર્મિક પ્રવૃત્તિ સાથે રાષ્ટ્રભાવના પણ પ્રજ્વલિત થઈ અને આથી કાંતણ-વણાટ, ઔષધ નિર્માણ, ખેતી વગેરે પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. ઈ.સ. ૧૯૪૨ની હિંદછોડો ચળવળમાં એ વધારે સક્રિય બન્યા અને ભૂગર્ભ-પત્રિકાની પ્રવૃત્તિમાં એમની ધરપકડ થઈ અને દોઢ વર્ષની સજા થઈ.[૭]

સ્વાતંત્ર્ય સેનાની શ્રી નારાયણ સ્વામીએ છતાં પણ તેમની આ બધી પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને આઝાદીની ઝુંબેશમાં સતત સક્રિય રહ્યા પછી તેમણે સેવા મંડળીની સ્થાપના કરી અને પુસ્તકાલય હુન્નરશાળા ન્યાય શાળા વગેરે પ્રવૃત્તિમાં જોડાયેલા રહ્યા હતા. આ ઉપરાંત તેમની ઉમદા વ્યક્તિત્વનું એક બીજું સુંદર ઉદાહરણ આથી વિશેષ શું હોઈ શકે કે તેમણે આઝાદી અને ભારતના ભાગલા સમયે પણ સિંધ કોગ્રેસના પ્રમુખ ચોથા રામનો સાથ મેળવીને ઘરબાર વગરના નિર્વાસિત બનેલા પ્રજાજનોની ખડા પગે સેવા અને શુશ્રુષા કરી.[૮]

સ્વતંત્રતાની ચળવળ દરમિયાન ગાંધીજી સાથે તેઓને પત્ર વ્યવહારથી વાતચીત થતી અને અમદાવાદમાં સાબરમતી આશ્રમ તથા દાંડીકુચ સમયે પોતાના સ્વયંસેવકોને લઈને દાંડીકૂચના યાત્રીઓ માટે આગળના ગામોમાં જઈને ભોજન વ્યવસ્થા કરવાની કામગીરીમાં જોડાતા તથા જ્યારે ગાંધીજીના આદેશથી નંદી થી બેંગ્લોરમાં ગયા ત્યારે ત્યાંના કાર્યકર્તા દ્વારા તેમનું કાળજીપૂર્વક ધ્યાન રાખ્યું હતું અને તેમની દેખરેખ નીચે ત્યાં એક ટુકડી મૂકીને ગાંધીજીનું કાર્ય સરળ બનાવ્યું હતું.

નારાયણ સ્વામી

જુલાઈ ૨, ૧૯૩૬

પ્રિય ભાઈ,

બેંગ્લોરમાં અમારા વસવાટની વ્યવસ્થા ઉપર તમે કાળજીપૂર્વક ધ્યાન રાખ્યું હતું તે માટે હું તમારો આભાર કામના દબાણના કારણે આટલા દિવસ માની શક્યો નહોતો. રાજ્ય મારું અને મારા સાથીઓનું ઉદારતાપૂર્વક આતિથ્ય કર્યું એ માટે હું રાજ્યનો તો આભારી છું જ, પણ હું જાણું છું કે અમે ત્યાં આરામથી રહી શક્યા એમાં તમારી કાળજીભરી દેખરેખનો ફાળો કંઈ ઓછો નથી. તમારો સંહૃદયી,

- નારાયણ સ્વામી

બેંગલોર

(મૂળ અંગ્રેજી)

નકલ પરથીઃ પ્યારેલાલના કાગળ પત્રો; શ્રી પ્યારેલાલના સૌજન્યથી.[૯]

આ ઉપરાંત તેમને દેશ માટેની લાગણી અતિરેક હતી તે “મૌનને હવે બોલવા દો”માં આપેલ તેમના પિતાની સાથે વાર્તાલાપથી પ્રદર્શિત થાય છે કે પિતાએ નારાયણ સ્વામીના લગ્ન કરવા માટે જ્યારે વિચાર્યું ત્યારે તેમણે પિતાજીને કહ્યું કે; “જે સ્તાઈ મુલ્ક આઝાદ ન થયે તેસ્તાઈ મુખે શાદી કરણી કાને. આઈમાં એશ આરામ કાન કંઘસ આઈમાં કસમ ખાતોમાં ખાદી જા કાપડ પાઈઘસ;” (જ્યાં સુધી દેશ સ્વતંત્રતા ન થાય ત્યાં સુધી મારે લગ્ન કરવા નથી. ત્યાં સુધી હું એસ આરામ કરીશ નહીં હું આજીવન ખાદીના કપડા પહેરી)[૧૦]

ઈ.સ. ૧૯૪૮માં એમને સન્યાસ્થ ગ્રહણ કરી અને ગુજરાતમાં બનાસકાંઠાના તાલુકાના નવા ઇંદરવા ગામે ગુરૂ મંદિરને પોતાનું નિવાસ્થાન બનાવ્યું.[૧૧] અને ભજન તથા આધ્યાત્મિક પ્રવૃત્તિમાં નિવૃત્તિનો સમય પસાર કરવા લાગ્યા અને પછીથી તેઓ રાધનપુર હાલના પાટણ જિલ્લાના ત્યાં આવીને વસ્યા અને તારીખ ૧૩-૧૦-૨૦૦૬ ગુજરાતનાં મેમદાવાદમાં તેમનું દેહાવશાન થયું.

**સંદર્ભ સાહિત્ય**


૧. આચાર્ય ગુણવંતરાયઃ "મારી જીવન યાત્રા", પરિચય પુસ્તિકા, ૨૦૦૪ પૃ. ૬-૭

૨. ગુણવંતરાય મહેતાની રૂબરૂ મુલાકાત, વાવ-બનાસકાંઠા તા. ૧૪/૧૨/૨૦૧૩

૩. સચિવાલય, સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર ક્રમાંક – ૧૦૯૨-૪૦૨૦-૧૦/૧૬-૫૦૧ ગાંધીનગર.

૪. જિલ્લા કલેક્ટર કચેરી બનાસકાંઠા પાલનપુર માહિતીઃ જિલ્લા બનાસકાંઠા જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી.

૫. આચાર્ય કનુ (સંપાદક): "મૌન ને હવે બોલવા દો" પ્રથમ આવૃત્તિ, સ્વતંત્ર સેનાની પૂજ્ય નારાયણ સ્વામીના મૌન કાર્યોની શતાબ્દી અષાઢ સુદ ૧૫ને ગુરૂવાર, પૃ. ૧૭.

૬ . રાવલ ભરતભાઈ ડીઃ "અવતરણ ચીન આવતા જાવ..... કહેતા જાવ", માહિતી બ્યુરો પટણ, પૃ.3

૭ . પટેલ મોહનલાલ: મહેસાણા પાટણ જિલ્લાના સ્વાતંત્ર સૈનીકોનો ટૂંકો પરિચય, પ્રથમ અવૃત્તિ પાટણ પૃ. ૫-૪૫

૮ . એજન પૃ. ૪૫

૯ . ગાંધીજીનો અક્ષરદેહ ૬૩ નવજીવન પ્રકાશ અમદાવાદ ૧૪, પૃ. ૧૦૮ જૂન-૧૯૩૬ થી નવેમ્બર ૨, ૧૯૩૬

૧૦. આચાર્ય કનુ સંપાદકઃ "મૌન ને હવે બોલવા દો" પ્રથમ આવૃત્તિ સ્વ. સેનાની સ્વામીના મૌન કાર્યની અર્ધશતાબ્દિ અષાઢ સુદ ૧૫ ને ગુરૂવાર પૃ. ૧૮.

૧૧. વિનુભાઈજી ભરવાડ રૂબરૂ મુલાકાત ગુરૂહંસ મંદિર મહેમદવાદ તથા વડપાસર તળાવ પાસે રાધનપુર જિલ્લો પાટણ દેવીદાસ નારાયણ સ્વામી તારીખ ૧૬/૧૧/૨૦૧૯